Letter No: COS/0296/02/2026 Approved Date: 17-02-2026

speed post

નિયામકશ્રી શાળાઓની કચેરી,
વિદ્યા સમિક્ષા કેન્દ્ર,
બીજો માળ, પુનિતવનની સામે,
સેક્ટર-૧૯, ગાંધીનગર.

પ્રતિ,

શ્રી મિતેષભાઇ ભટ્ટ,
અધ્યક્ષ, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત,
દેવભુમિ, શ્રી ત્રિવેણી વિદ્યાલય પાછળ, મહેતાપુરા, હિંમતનગર,
જિ- સાબરકાંઠા.

વિષય: નાણા વિભાગના તા. ૨૪/૦૯/૨૦૨૨ના માતૃત્વ રજા બાબતેના કરેલ ઠરાવમાં સુધારો કરવા બાબત.
સંદર્ભ: માન.મંત્રીશ્રી શિક્ષણના કાર્યલયનો પત્ર ક્રમાંક: અં.મ./સા.ન્યા.અ/પ્રા.મા.પ્રૌ.ઉ.તા.શિ./જન/૫૦૮/૨૦૨૫, તા. ૨૯/૧૨/૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, આપની નાણા વિભાગના તા. ૨૪/૦૯/૨૦૨૨ના માતૃત્વ રજા બાબતેના કરેલ ઠરાવમાં સુધારો કરવા બાબતની રજુઆત માન. મંત્રીશ્રી શિક્ષણના કાર્યાલય મારફતે અત્રેની કચેરીને મળેલ છે.

શિક્ષણ વિભાગ દ્વારા તા. ૦૭/૦૭/૨૦૨૫ના ઠરાવથી માતૃત્વ રજા બાબતેનો નાણા વિભાગનો તા. ૩૦/૦૪/૨૦૨૫નો ઠરાવ લાગુ પાડેલ છે. જે આપને વિદિત થવા વિનંતી છે.

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

નકલ રવાના:

1. મદદનીશ નિયામક (૧૦+૨) સબ નોડલ અધિકારીશ્રી (C.M Portal), આ કચેરી.... અપડેટ કરવા સારુ.

Signature Not Verified

Signed by Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date:2026.02.17 14:01:07 +5:30

File No: COS/MIS/e-file/276/2025/0433/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

**ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ના નિયમ-૬૯ (માતૃત્વ રજા) માં જરૂરી સ્પષ્ટતા કરવા બાબત.**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પશન/૧૦૨૦૧૪/એમ-૧/પી(પેન્શન સેલ)
સચિવાલય, ગાંધીનગર
તા.૩૦/૦૪/૨૦૨૫

**વંચાણે લીધાઃ**

(૧) ગુજરાત મુલ્કી સેવા (રજા )નિયમો, ૨૦૦૨ નો નિયમ-૬૯

(૨) નાણા વિભાગના તા.૧૩/૧૧/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃ PSN-102014-M1(334385)-P

(૩) નાણા વિભાગનો તા.૨૪/૦૯/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃ પશન/૧૦૨૦૧૪/ એમ-૧/ પી(પેન્શન સેલ)

**પ્રસ્તાવનાઃ**

સરકારશ્રીના નાણા વિભાગનાં ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ના નિયમ-૬૯ તેમજ વંચાણે લીધા ક્રમાંક (૨)ના જાહેરનામા, વંચાણે લીધા ક્રમાંક (૩)ના ઠરાવથી કાયમી કે ફિક્સ પગાર પર નિમણૂંક પામેલ મહિલા સરકારી કર્મચારીને નોકરીમાં જોડાયા બાદથી જ દિન-૧૮૦ની માતૃત્વ રજા મંજૂર કરવા બાબતે જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ, મહિલા સરકારી કર્મચારી નોકરીમાં જોડાય તે પહેલાં માતૃત્વ ધારણ કરેલ હોય તો તેઓને માતૃત્વ રજા મળવાપાત્ર થાય કે નહીં તે બાબતે કેટલાક કિસ્સાઓમાં સચિવાલયના વહિવટી વિભાગો/ખાતાના વડા/અન્ય કચેરીઓ દ્વારા અવારનવાર નાણા વિભાગને પૃચ્છા કરવામાં આવે છે. આ બાબતે જરૂરી સ્પષ્ટતા પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

માતૃત્વ રજાની મૂળ વિભાવના મુજબ બાળકના જન્મ પછી તેની સારસંભાળ માટે માતૃત્વ રજા મળવાપાત્ર થાય છે. પુખ્ત વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે, કાયમી તેમજ હંગામી નોકરી પરના મહિલા સરકારી કર્મચારી નોકરીમાં જોડાયા પહેલાં બાળકને જન્મ આપેલ હોય તો ૧૮૦ દિવસમાંથી બાળકના જન્મની તારીખથી નોકરીમાં જોડાયા તારીખના

પહેલાંની તારીખ સુધીના દિવસો બાદ કરતા બાકી રહેતા દિવસો જેટલી માતૃત્વ રજા મળવાપાત્ર થશે. જેમાં ફરજ પર હાજર દિવસ રજામાં ગણવાનો રહેશે નહિ.

આ ઠરાવનો અમલ તા.૨૪/૦૯/૨૦૨૨ થી કરવાનો રહેશે. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૬૯ માં ઉક્ત સુધારા હવે પછી જાહેરનામા દ્વારા આમેજ કરવામાં આવશે. નાણા વિભાગના તા.૨૪/૦૯/૨૦૨૨ના ઠરાવની માતૃત્વ રજાને લગતી અન્ય તમામ સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એમ. ભરડવા)
ઉપ સચિવ
નાણા વિભાગ

નકલ રવાના:-

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી , સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ,
માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય,ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીના વડાઓ,

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- રજીસ્ટારશ્રી, લોકાયુક્ત કચેરી, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ,
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ,
તમામ તિજોરી અધિકારીઓ/ તમામ પેટા તિજોરી અધિકારીઓ,
પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ બોર્ડ/ કોર્પોરેશન/ નિગમો.
નાણા વિભાગની તમામ શાખાઓ, સર્વે અધિકારીશ્રીઓ (નાણા શાખાઓ સહિત)
સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે.
સિલેકટ ફાઇલ પી(પેન્શન સેલ) શાખા

- પત્ર દ્વારા

**બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને પ્રસૂતિ રજા મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક. ED/GRF/e-file/3/2022/2269/G,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ઇ-સાઇન મુજબ

<u>વંચાણે લીધા:-</u>

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૩/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૩/૧૭૪/ગ.

(૨) નાણા વિભાગનો તા.૨૪/૦૯/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: પશન/૧૦૨૦૧૪/એમ-૧/પી(પેન્શન સેલ).

(૩) શિક્ષણ વિભાગનો તા.૨૨/૧૦/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૩/૧૭૪/ગ.

(૪) નાણા વિભાગનો તા.૩૦/૦૪/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: પશન/૧૦૨૦૧૪/એમ-૧/પી(પેન્શન સેલ).

<u>આમુખ:-</u>

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તારીખ ૨૧/૦૩/૨૦૧૭ના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણં સહાયકો, વહીવટી સહાયકો તથા સાથી સહાયકો તરીકે માન્ય ભરતી પદ્ધતિ દ્વારા ફિક્સ પગારથી નિમણૂંક પામેલ મહિલા કર્મચારીઓ તેમજ નિયમિત શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને નાણા વિભાગના તારીખ ૧૩/૧૧/૨૦૧૪ના જાહેરનામાં મુજબની તારીખ એટલે કે તારીખ ૦૧/૧૦/૨૦૧૪ થી ૧૮૦ દિવસની પ્રસૂતિ રજાનો લાભ આપવામાં આવેલ છે.

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ, ૧૯૭૪ની જોગવાઇઓ મુજબ પ્રસુતિ રજા મળવાપાત્ર થાય છે. આ વિનિયમના વિનિયમ ક્રમાંક-૩૦(૬)(ક)માં થયેલ જોગવાઈ મુજબ જે મહિલા કર્મચારીએ એક વર્ષ કરતા વધારે અને જેને એક કરતાં વધારે બાળક હયાત ન હોય તેવી મહિલા કર્મચારીને ૧૮૦ દિવસની પ્રસુતિ રજા આપવાની જોગવાઈ થયેલ છે. વિનિયમ ક્રમાંક-૩૦(૬)(ખ) મુજબ પ્રસૂતિ રજાના આરંભ પહેલા જે મહિલા કર્મચારીએ બે વર્ષ કરતાં ઓછી નોકરી કરી હોય. તેને આવી રજા અર્ધા પગારે અને 30(૬)(ગ) મુજબ બે વર્ષની અથવા બે કરતાં વધારે વર્ષની નોકરી કરી હોય તેને પૂરા પગારે પ્રસૂતિ રજા મળવાપાત્ર થાય છે.

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના તારીખ ૨૦/૧૦/૨૦૨૨ના ઠરાવથી નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તારીખ ૨૪/૦૯/૨૦૨૨ના ઠરાવની જોગવાઇઓ (નોકરી જોડાયા બાદથી જ કર્મચારી માતૃત્વ રજા પર જાય તે

દિવસથી ૧૮૦ દિવસના સમયગાળાની માતૃત્વ રજા મળવાપાત્ર થાય) લાગુ પાડવાની મંજૂરી આપવામાં આવેલ છે.

નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના તા.૩૦/૦૪/૨૦૨૫ના ઠરાવથી કાયમી તેમજ હંગામી નોકરી પરના મહિલા સરકારી કર્મચારી નોકરીમાં જોડાયા પહેલા બાળકને જન્મ આપેલ હોય તો ૧૮૦ દિવસમાંથી બાળકના જન્મની તારીખથી નોકરીમાં જોડાયા તારીખના પહેલાની તારીખ સુધીના દિવસો બાદ કરતા બાકી રહેતા દિવસો જેટલી માતૃત્વ રજા મળવાપાત્ર થશે, જેમાં ફરજ પર હાજર દિવસ રજામાં ગણવાનો રહેશે નહી તેવી જોગવાઈ થયેલ છે.

નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના તા.૩૦/૦૪/૨૦૨૫ના ઠરાવની જોગવાઇઓ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મહિલા કર્મચારીઓને લાગુ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કાયમી તથા હંગામી નોકરી પરના મહિલા કર્મચારીઓને નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના તા.૩૦/૦૪/૨૦૨૫ના ઠરાવની જોગવાઈઓ લાગુ પાડવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ, ૧૯૭૪માં જરૂરી સુધારો કરવાની કાર્યવાહી છ શાખાએ સત્વરે કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૧/૦૭/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**e-sign/-**
**(એ.જી.ચૌધરી)**
**ઉપ સચિવ**
**શિક્ષણ વિભાગ**

**પ્રતિ,**

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ, ૧૯૭૪માં જરૂરી સુધારો કરવાની કાર્યવાહી કરવા સારૂ)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.